પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૬૧ | ૩ ડિસેમ્બર, ૨૦૨૧, શુક્રવાર; કારતક વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઓમિક્રોનની એન્ટ્રી : દેશમાં પ્રથમ બે કેસ

**કર્ણાટકમાં ઓમિક્રોન વેરિયન્ટના બે કેસ, ૨૯ દેશમાં ૩૭૩ કેસ : ઓમિક્રોનને લઈને ભારત સરકાર વધુ સતર્ક બની : કેરળ અને મહારાષ્ટ્ર એવા બે રાજ્યો છે જ્યાં કોરોનાના ૧૦ હજારથી વધુ સક્રિય કેસ છે, દેશના ૫૫ ટકા કેસ આ બે રાજ્યમાંથી આવ્યા**

નવી દિલ્હી, તા.૨

કોરોનાના નવા પ્રકાર ઓમિક્રોનની ચિંતાને કારણે ભારત સરકાર પહેલા કરતા વધુ સતર્ક બની છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે જણાવ્યું હતું કે દેશમાં અત્યાર સુધીમાં ઓમિક્રોન વેરિઅન્ટના બે કેસ નોંધાયા છે. આ બંને કેસ કર્ણાટકના છે. અત્યાર સુધીમાં લગભગ ૨૯ દેશોમાં ઓમિક્રોન વેરિઅન્ટના ૩૭૩ કેસ નોંધાયા છે. સાથે જ દેશના કોરોના કેસ વિશે માહિતી આપતાં તેમણે કહ્યું કે કેરળ અને મહારાષ્ટ્ર એવા બે રાજ્યો છે જ્યાં કોરોનાના ૧૦ હજારથી વધુ એક્ટિવ કેસ છે. દેશના ૫૫ ટકા




કેસ આ બે રાજ્યોમાં નોંધાયા છે. દેશમાં હાલમાં કોવિડના ૯૯,૭૬૩ સક્રિય કેસ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોવિડના ૯,૭૬૫ નવા કેસ નોંધાયા છે. રસીકરણ વિશે માહિતી આપતા લવ અગ્રવાલે કહ્યું કે અત્યાર સુધીમાં અમે દેશમાં લોકોને કોવિડ રસીના ૧૨૫ કરોડથી વધુ ડોઝ આપ્યા છે. ૮૪.૩ ટકા લોકોએ રસીનો પ્રથમ ડોઝ મેળવ્યો છે અને ૪૫.૯૨ ટકા લોકોએ રસીના બંને ડોઝ મેળવ્યા છે. સંયુક્ત આરોગ્ય સચિવે કહ્યું કે વિશ્વ હજી પણ કોવિડના કેસોમાં તેજી જોઈ રહ્યું છે. છેલ્લા એક સપ્તાહમાં વિશ્વના ૭૦ ટકા કેસ યુરોપમાંથી આવ્યા છે. એક સપ્તાહમાં યુરોપમાં ૨.૭૫ લાખ કોવિડ કેસ નોંધાયા છે અને યુરોપમાં એક સપ્તાહમાં ૨૯,૦૦૦થી વધુ લોકોનાં મોત નોંધાયા છે.

## સરકાર ઈચ્છે તો બે દિવસમાં આંદોલન સમેટાઈ જાય : ટિકૈત

**હું અહીંથી ખાલી હાથે જવાનો નથી, મને સરકાર દ્વારા અપાયેલા કોઈ પ્રસ્તાવની જાણકારી નથી : ખેડૂત નેતા**

નવી દિલ્હી, તા.૨

સરકારે ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચવાની જાહેરાત બાદ પણ રાકેશ ટિકૈતે આંદોલન ચાલુ રાખવા માટે ફરી જાહેરાત કરી છે.

રાકેશ ટિકૈતે કહ્યુ છે કે, હું અહીંથી ખાલી હાથે જવાનો નથી.મને સરકાર દ્વારા આપવામાં આવેલા કોઈ પ્રસ્તાવની જાણકારી નથી.સરકાર વાત ચલાવે છે કે ખેડૂતો પાછા જશે.પણ આ વાત ખોટી છે.સરકાર સાથે વાતચીત વગર અને ખેડૂતોની સમસ્યાનુ સમાધાન કર્યા વગર ખેડૂતો પાછા જવાના નથી. તેમણે કહ્યુ છે કે, અમારા ગામના લોકો અમને કહી રહ્યા છે કે, એમએસપીની વાત મનાવીને અને ખેડૂતોના કેસ પાછા ખેંચાવીને આવજો.સરકાર ધારે તો બે દિવસમાં આંદોલનનો ઉકેલ લાવી શકે છે.સરકાર જ્યાં સુધી આંદોલન ખતમ નહીં કરે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.



તેમણે કહ્યુ હતુ કે, કોઈ વ્યક્તિ કેસ ચાલુ હોય તેવી સ્થિતિમાં પાછો જવા નથી માંગતો.જો કોઈ ખેડૂતની ધરપકડ થઈ તો ખેડૂતો સંયુક્ત કિસાન મોરચાથી નારાજ થઈ જશે.

## આંધ્રપ્રદેશ અને ઓડિશામાં જવાદ વાવાઝોડું ટકરાવાની શંકા

**આગામી ૨૪ કલાકમાં જવાદના મજબૂત થવાના આસાર : હવામાન મુજબ ચક્રવાતી તોફાન જવાદના કારણે પશ્ચિમ બંગાળના પૂર્વ અને પશ્ચિમ મિદનાપુર જિલ્લાઓમાં ૪ ડિસેમ્બરના રોજ ભારે વરસાદ થઈ શકે છે**

નવી દિલ્હી,તા.૨

ભારત સહિત દુનિયાભરના અનેક દેશોમાં હવામાનનો મૂડ બદલાયેલો છે. ક્યાંક પૂરથી તબાહી છે તો ક્યાંક જ્વાળામુખી ફાટી રહ્યો છે. ભારતના અનેક રાજ્યોમાં કમોસમી વરસાદથી હાલાત બગડેલા છે. આ બધા વચ્ચે હવામાન ખાતાએ અલર્ટ જાહેર કરી છે અને આગાહી કરી છે કે આગામી ૨૪ કલાકમાં ચક્રવાતી તોફાન જવાદના મજબૂત થવાના આસાર છે. બંગાળની ખાડીમાં બની રહેલા હળવા દબાણના કારણે આંધ્ર પ્રદેશ અને ઓડિશા પર ચક્રવાતી તોફાન જવાદનો સાયો મંડરાઈ રહ્યો છે. ચક્રવાતી તોફાન જવાદના કારણે આંધ્ર પ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળના કાંઠા વિસ્તારોમાં હવામાન બગડવાની આશંકા છે. હવામાન ખાતાએ આ રાજ્યોમાં પૂરપાટ પવન ફૂંકાવવાની સાથે સાથે ભારે વરસાદ અંગે અલર્ટ જાહેર કરી છે. બંગાળની ખાડીમાં એક ચક્રવાતી સંરચના વિક્સિત થઈ રહી છે જે શનિવારે (૪ ડિસેમ્બર) સુધીમાં આંધ્ર પ્રદેશ અને ઓડિશાના કાંઠે પહોંચી શકે છે. ત્યારબાદ આ ચક્રવાતી તોફાન



● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીની તમામ શાળા નવો આદેશ ન થાય ત્યાં સુધી બંધ

**વધતા પ્રદૂષણ પર સુપ્રીમની દિલ્હી સરકારને ફટકાર**



નવી દિલ્હી, તા.૨

દેશની રાજધાની દિલ્હીમાં પોલ્યુશનની વકરતી સમસ્યાનો કોઈ ઉકેલ દેખાઈ રહ્યો નથી.બીજી તરફ દિલ્હી સરકારે બાળકો માટે સ્કૂલો શરુ કરી દેતા સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારની ઝાટકણી કાઢી હતી. એ પછી હવે દિલ્હી સરકારે દિલ્હીની તમામ સ્કૂલોને નવો આદેશ ના થાય ત્યાં સુધી બંધ કરવાની જાહેરાત કરી છે.દિલ્હી સરકારના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યુ હતુ કે, પોલ્યુશનના સ્તરને જોતા તમામ સ્કૂલોને બંધ કરવાનુ નક્કી કરાયુ છે.

પારદર્શિતા અને પ્રતિબદ્ધતાની સોનેરી પરંપરા

એક જ ભાવ
શ્રેષ્ઠ ભાવ



અમદાવાદનો સૌથી વિશાળ જ્વેલરી મૉલ,જ્યાં છે,

આપના માટે ખાસ

ખરીદી/વેચાણ અથવા એક્સચેન્જમાં એક જ ભાવનો ફાયદો

સર્ટીફાઈડ ડાયમંડ | શ્રેષ્ઠ ગુણવત્તાનું વચન

71 વર્ષથી આપની સેવામાં

આપની પસંદને અનુરૂપ સુંદરતમ આભૂષણોની ખરીદીના અનુભવ માટે અચૂક પધારો.

જે તે દિવસના સોનાના ભાવ જાણવા માટે વૉટ્સ એપ નંબર 7575051234 પર 'RATE' લખીને મોકલો.

આપની ખરીદી સુરક્ષિત અને મંગલમય બની રહે તે હેતુ સર COVID-19 ની સરકાર શ્રી ની આચારસંહિતાનું પાલન કરવા વિનંતી. સહકારની અપેક્ષા સહ...

એ બી જ્વેલ્સ® આપનું ગર્વ !

સિદ્ધિવિનાયક કોમ્પ્લેક્ષ, શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઇટ, અમદાવાદ.

www.abjewels.com benchmark@abjewels.com 079-40402525

વેલે પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ. | Follow us on